For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

બોથડ પદાર્થી ઈજા કરવાની સાથે ચાર્જિંગ વાયરથી ગળું દબાવ્યું હોવાનાં નિશાન

# માંડવીની યુવતી પર સામુહિક દુષ્કર્મની આશંકા

**મૃતકના** ગુપ્તાંગો પર ઈજાની સાથે ગાલ, હોઠ, બંને હાથ તેમજ પગે પણ ઈજાના નિશાનો છે : ડો. ચંદ્રેશ ટેલર

માંડવી, સુરત : માંડવી તાલુકાના ગોદાવાડી ગામે 22 વર્ષીય નિધી પટેલની હત્યા કેસમાં પોસ્ટમોર્ટમ દરમિયાન ચોંકાવનારી મેડિકલ વિગતો સામે આવી છે. નિધીના ગુપ્તાંગ પર ગંભીર ઈજાના નિશાન મળી આવ્યા હોવાનું ડોક્ટરે જણાવ્યું છે. આ ઈજાઓને પગલે મૃતક સાથે દુષ્કર્મ થયું હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી છે. એકથી વધુ વ્યક્તિઓ સંડોવાયેલી હોવાની શક્યતા અંગે પણ તપાસનો એંગલ ઉભો થયો છે. મૃતકના શરીરમાંથી

...અનુસંધાન પાના ૯ પર


આ દાદર પરથી મૃતદેહ ઉપર લઇ જવાયો હતો

(તસવીર : હિતેશ પટેલ)


અહીંથી મૃતદેહ મળ્યો

### હત્યારા નહીં પકડાય ત્યાં સુધી અંતિમસંસ્કાર નહીં કરવાનો પરિવારનો નિર્ધાર

માંડવીના ગોદાવાડી ગામના ટેકરી ફળિયામાં થયેલી લૂંટ અને ૨૫ વર્ષીય યુવતી નિધિ પટેલનો મૃતદેહનું ફોરેન્સિક પોસ્ટમોર્ટમ કરાવી તેને બારડોલીની સરદાર હોસ્પિટલના

...અનુસંધાન પાના ૯ પર



### પિતા વાસુદેવે 23મીએ રાત્રે ૯ કલાકે નિધી સાથે વાત પણ કરી હતી

મૃતકના પિતા વાસુદેવભાઈ પટેલ ૨૧ ઓગસ્ટથી ધાર્મિક યાત્રાએ ગયા હતા. ગત ૨૩ ઓગસ્ટના રોજ રાત્રે ૯ વાગ્યાની આસપાસ તેમણે દીકરી નિધિ સાથે ફોન પર વાતચીત કરી હતી. ત્યારબાદ ૨૪ ઓગસ્ટની વહેલી સવારે આશરે 3:30 વાગ્યે તેઓ ઘરે પરત ફર્યા હતા. આગળનો મુખ્ય દરવાજો ખખડાવવા છતાં અંદરથી કોઈ પ્રતિસાદ ન મળતાં અને નિધિનો ફોન સ્વિચ ઓફ આવતાં શંકા ગઈ હતી. ઘરના પાછળના ભાગે જઈને જોતાં દરવાજો ખુલ્લો હતો અને ઘરમાં તિજોરી-કબાટ ખુલ્લા તેમજ તમામ સામાન વેરવિખેર હાલતમાં પડ્યો હતો. સ્થાનિકોની મદદથી શોધખોળ હાથ ધરતાં ધાબા પર દાદરની કેબિન પાછળથી નિધિનો મૃતદેહ મળી આવ્યો હતો.

### ૭૦થી વધુ જવાનોનો કાફલો તપાસમાં જોતરાયો

આ બનાવમાં ડીવાયએસપી, ૪ પીઆઈ, ૮ પીએસઆઈ તેમજ એલસીબી, એસઓજી સહિત ૭૦થી વધુ જવાનોનો કાફલો તપાસમાં જોતરાયો છે. ઘરનો મુખ્ય દરવાજો અકબંધ હોવો, પાછળના રસ્તાની જાણકારી, પરિવારની

...અનુસંધાન પાના ૯ પર

# CS પરીક્ષામાં AIRમાં સુરતના ચાર વિદ્યાર્થીએ ડંકો વગાડ્યો

**સીએસ** પ્રોફેશનલમાં લબ્ધિ જૈન 9મા અને ભૂમિ લાહોટી 22મા ક્રમે સીએસ

**એક્ઝિક્યુટિવમાં** ઈશાની આહીરે 2 અને વૃશિલ રામાણી 15મા સ્થાને

**પ્રોફેશનલ** પ્રોગ્રામના ગ્રુપ-1માં 43.03 ટકા અને ગ્રુપ-2માં 40 ટકા પરિણામ નોંધાયું

સુરત: કંપની સેક્રેટરીઝ ઓફ ઇન્ડિયા (ICSI) દ્વારા જૂન-2026 સત્રની સીએસ પ્રોફેશનલ અને એક્ઝિક્યુટિવ પ્રોગ્રામની પરીક્ષાનું પરિણામ જાહેર થતાં સુરતના વિદ્યાર્થીઓએ રાષ્ટ્રીય સ્તરે શાનદાર પ્રદર્શન કર્યું છે. સુરતના કુલ ચાર વિદ્યાર્થીઓએ ઓલ ઇન્ડિયા રેન્ક મેળવી શહેરનું ગૌરવ વધાર્યું છે.

સીએસ પ્રોફેશનલ પ્રોગ્રામમાં લબ્ધિ જૈને સમગ્ર દેશમાં 9મો ક્રમ મેળવી સુરતમાંથી પ્રથમ સ્થાન મેળવ્યું છે. જ્યારે ભૂમિ લાહોટીએ ઓલ ઇન્ડિયા 22મો રેન્ક હાંસલ કરી સુરતનું નામ રોશન કર્યું છે. બીજી તરફ, સીએસ એક્ઝિક્યુટિવ પ્રોગ્રામમાં સુરતની ઈશાની પ્રમોદ આહીરેએ દેશભરમાં બીજો ક્રમ મેળવી ઉત્કૃષ્ટ સિદ્ધિ હાંસલ કરી છે. વૃશિલ જીગ્નેશ રામાણીએ ઓલ ઇન્ડિયા 15મો રેન્ક મેળવી સફળતામાં વધુ એક કડી ઉમેરી છે. જૂન-2026ની સીએસ પરીક્ષામાં સુરત કેન્દ્રનું પરિણામ પણ નોંધપાત્ર રહ્યું હતું. પ્રોફેશનલ પ્રોગ્રામના ગ્રૂપ-1માં 43.03 ટકા અને ગ્રૂપ-2માં 40 ટકા પરિણામ નોંધાયું હતું. જ્યારે એક્ઝિક્યુટિવ પ્રોગ્રામમાં ગ્રૂપ-1નું પરિણામ 22.48 ટકા અને ગ્રૂપ-2નું પરિણામ 27.16 ટકા રહ્યું હતું. CS પ્રોફેસનલ પરીક્ષામાં લબ્ધી જૈન ઓલ ઈન્ડિયા રેન્ક (AIR) 9 મેળવી સુરતમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે. અને સાક્ષી રબારી સુરતમાં પાંચમું સ્થાન મેળવ્યું છે. જ્યારે CS એક્ઝિક્યુટીવના પરિણામમાં પણ સંસ્થામાંથી 40થી વધુ વિદ્યાર્થીઓએ સફળતા મેળવી છે. સીએસના પરિણામમાં સુરતના ચાર વિદ્યાર્થીઓએ દેશના ટોચના રેન્કર્સમાં સ્થાન મેળવી શહેરના વિદ્યાર્થીઓની શૈક્ષણિક પ્રતિભાનો પરચો આપ્યો છે. ખાસ કરીને એક્ઝિક્યુટિવ પ્રોગ્રામમાં ઈશાની આહીરે દેશભરમાં બીજું સ્થાન મેળવતાં સુરતની સફળતા વધુ નોંધપાત્ર બની છે.

### ઓલ ઇન્ડિયા રેન્કમાં સુરતની ચાર સફળતા

| કાર્યક્રમ | વિદ્યાર્થી | સુરત રેન્ક | ઓલ ઇન્ડિયા રેન્ક |
|---|---|---|---|
| સીએસ પ્રોફેશનલ | લબ્ધિ જૈન | 1 | 9 |
| સીએસ પ્રોફેશનલ | ભૂમિ લાહોટી | 2 | 22 |
| સીએસ એક્ઝિક્યુટિવ | ઈશાની આહીરે | 1 | 2 |
| સીએસ એક્ઝિક્યુટિવ | વૃશિલ રામાણી | 2 | 15 |

### સેલ્ફ સ્ટડી, શિસ્ત અને સતત ટેસ્ટિંગને ઈશાનીની સફળતાનો મંત્ર



સુરત: સીએસ એક્ઝિક્યુટિવમાં ઓલ ઈન્ડિયા બીજો ક્રમ મેળવનારી ઈશાની પ્રમોદ આહિરેની સફળતાની સફર સીએ ઈન્ટરમીડિએટથી શરૂ થઈ હતી. તેણે સીએ ઈન્ટરમીડિએટ પ્રથમ પ્રયાસમાં પાસ કરી 319 માર્ક્સ મેળવ્યા હતા. અગાઉના અભ્યાસના અનુભવનો સીએસ એક્ઝિક્યુટિવમાં પણ તેને સીધો લાભ મળ્યો હતો. ઈશાનીએ તૈયારીમાં મુખ્યત્વે ઓનલાઈન વીડિયો, મોડ્યુલ અને સેલ્ફ સ્ટડી પર આધાર રાખ્યો હતો. તે દરરોજ 12થી 15 કલાક અભ્યાસ કરતી, પરંતુ માનસિક થાક દૂર કરવા વચ્ચે થોડો સમય ચાલવા જતી. દર અઠવાડિયે અભ્યાસ કરેલા વિષયોના ટેસ્ટ આપી પરિણામના આધારે નબળા ચેપ્ટર પર વધુ ધ્યાન આપતી. પ્રેક્ટિકલ વિષયોમાં માત્ર વાંચનને બદલે લખીને પ્રશ્નો સોલ્વ કરતી અને રોજ બે વિષયનું આયોજનબદ્ધ અભ્યાસ કરતી. સીએ આર્ટિકલશિપ સાથે સીએ ફાઇનલ અને સીએસનો અભ્યાસ પણ સંભાળ્યો હતો. તૈયારી દરમિયાન દરરોજ 6થી 7 કલાકની ઊંઘ જાળવી રાખી અને પરીક્ષાના અંતિમ 15 દિવસ સંપૂર્ણ તૈયારી માટે રજા લીધી હતી.

### છેલ્લા ત્રણ મહિનામાં સોશિયલ મીડિયાથી રાખ્યું અંતર



CS પ્રોફેશનલની પરીક્ષામાં ઓલ ઈન્ડિયા 9મો ક્રમ મેળવી સિદ્ધિ હાંસલ કરનાર ઉપલબ્ધિ જૈને પોતાની સફળતાનું શ્રેય નિયમિત અભ્યાસ, સતત રિવિઝન અને નબળા વિષયો પર ખાસ ધ્યાન આપવાની પદ્ધતિને આપ્યું છે. ઉપલબ્ધિ જણાવે છે કે, તે શરૂઆતથી જ ક્લાસમાં એકાગ્રતાપૂર્વક અભ્યાસ કરતી હતી. ક્લાસમાં જે ભણાવવામાં આવતું તેનું ઘરે પહોંચ્યા બાદ નિયમિત રિવિઝન કરતી હતી અને સવારે વહેલા ઊઠીને પણ અભ્યાસનું પુનરાવર્તન કરતી હતી. અઠવાડિયા દરમિયાન જે ટોપિક નબળો લાગતો તે શિક્ષક પાસેથી ફરીથી સમજી તેની અલગથી નોંધ તૈયાર કરતી હતી. પરીક્ષાના છેલ્લા ત્રણ મહિનામાં તેણે સોશિયલ મીડિયાનો ઉપયોગ લગભગ બંધ કરી દીધો હતો. જરૂરિયાત મુજબ ક્યારેક યુટ્યુબ પર લેક્ચર જોતી હતી, પરંતુ તેનો મુખ્ય ફોકસ માત્ર અભ્યાસ અને રિવિઝન પર જ રહ્યો હતો. પરીક્ષા પહેલાંના છેલ્લા પાંચ દિવસ દરમિયાન તેણે સમગ્ર અભ્યાસક્રમનું સઘન રિવિઝન કરીને પરીક્ષાની તૈયારીને અંતિમ ઓપ આપ્યો હતો.

# H1N1ના બે મહિનામાં 8 પોઝિટિવ કેસ, સિવિલ હોસ્પિટલ વોર્ડ તૈયાર



**જુલાઈમાં** 3 અને ઓગસ્ટમાં 5 કેસ પોઝિટિવ, તમામ દર્દીઓને સારવાર બાદ રજા અપાઈ, હાલ એકપણ દર્દી દાખલ નથી

સુરતઃ શહેરમાં H1N1 (સ્વાઈન ફ્લૂ) જેવા લક્ષણો ધરાવતા દર્દીઓની સંખ્યા વધતા સુરત નવી સિવિલ હોસ્પિટલ તંત્ર સતર્ક બન્યું છે. સંભવિત પરિસ્થિતિને પહોંચી વળવા માટે અગમચેતીના ભાગરૂપે હોસ્પિટલમાં મેડિસિન, બાળરોગ અને માઈક્રોબાયોલોજી વિભાગના તબીબોની બેઠક યોજાઈ હતી.

મહત્ત્વનું છે કે છેલ્લા બે મહિનામાં નવી સિવિલ હોસ્પિટલમાં H1N1ના કુલ 8 પોઝિટિવ કેસ નોંધાયા છે, જેમાં જુલાઈમાં 3 અને ઓગસ્ટમાં

...અનુસંધાન પાના 9 પર

### 500 જેટલી ટેસ્ટિંગ કિટ તૈયાર રાખવામાં આવી

લક્ષણો ધરાવતા દર્દીઓની સંખ્યા વધતી હોવાના પગલે હોસ્પિટલ તંત્ર દ્વારા કોઈપણ સંભવિત સ્થિતિમાં ઝડપી તપાસ અને સારવાર મળી રહે તે માટે આગોતરું આયોજન કરવામાં આવ્યું છે. H1N1ની શંકાસ્પદ પરિસ્થિતિમાં તાત્કાલિક ટેસ્ટિંગ થઈ શકે તે માટે આશરે 500 જેટલી લેબોરેટરી ટેસ્ટિંગ કિટ્સ ઉપલબ્ધ રાખવામાં આવી છે.

### વોર્ડ-ICUમાં જરૂરી સાધનો સાથે તૈયારી

સુરત નવી સિવિલ હોસ્પિટલના તબીબી અધિક્ષક ડો. પારુલ વડગામાએ જણાવ્યું હતું કે, H1N1ના દર્દીઓ માટે નિયત વોર્ડ તેમજ ICUને જરૂરી સુવિધાઓ સાથે તૈયાર રાખવામાં આવ્યા છે. ગંભીર દર્દીઓને તાત્કાલિક સારવાર આપી શકાય તે માટે પૂરતા પ્રમાણમાં વેન્ટિલેટર, મોનિટર સહિતના તબીબી સાધનો ઉપલબ્ધ રાખવામાં આવ્યા છે. સંબંધિત તબીબો અને મેડિકલ સ્ટાફને દર્દીઓની સારવાર તથા સંચાલન અંગે જરૂરી માર્ગદર્શન પણ આપવામાં આવ્યું છે. પાંચ અલગ-અલગ વોર્ડમાં સ્પેશિયલ આઈસોલેશન બેડ રિઝર્વ રાખવામાં આવ્યા છે.

# સોસાયટીમાં ઘર બહારથી 65 જોડી બ્રાન્ડેડ શૂઝ ચોરાયા

**ઉત્રાણની** બે સોસા.થી 55 હજારના શૂઝનું પોટલું બાંધીને ભાગતો તસ્કર સીસીટીવીમાં કેદ થયો હતો

**પોલીસે** 18 વર્ષીય આરોપીને ઝડપી પાડ્યો

સુરતઃ ઉત્રાણ સ્થિત વી.આઈ.પી. સર્કલ પાસે આવેલી વૈભવી સોસાયટીઓમાં તસ્કરોએ ઘરની બહાર રાખેલા ચંપલ અને બૂટના સ્ટેન્ડને નિશાન બનાવી કુલ ૬૫ જોડી બ્રાન્ડેડ બૂટની ચોરી કરી ફરાર થઈ ગયા છે. આ સમગ્ર ઘટના સોસાયટીના સીસીટીવી કેમેરામાં કેદ થઈ હતી. આ ગુનામાં ઉત્રાણ પોલીસે ચોરની ધરપકડ કરી છે.

ઉત્રાણના વી.આઈ.પી. સર્કલ નજીક આવેલ સિલ્વર મેક્ઝિમા બિલ્ડિંગમાં રહેતા અને મહિધરપુરા ખાતે હીરા દલાલીનો વ્યવસાય કરતાં નિલેશભાઈ દેવશીભાઈ મોરડીયા (ઉં.વ.૪૬) એ ગત તા. ૨૨/૦૮/૨૦૨૬ના રોજ રાત્રે પોતાના તથા પરિવારના સભ્યોના બ્રાન્ડેડ બૂટ ઘર બહાર શૂ-રેકમાં મુક્યા હતા, જે બીજા દિવસે ગાયબ હતા. સોસાયટીના અન્ય રહીશ રમેશભાઈ મિઠાભાઈ તેજાણી (ફ્લેટ નં. A/101)ના ઘર બહારથી પણ ૨ જોડી બૂટ ચોરાયા હતા. સીસીટીવી ફૂટેજ ચકાસતા વહેલી સવારે ૪થી ૬ વાગ્યાના સમયગાળા દરમિયાન એક અજાણ્યો ઘર બહાર રાખેલા બૂટ એક કપડામાં બાંધીને ચોરી કરી જતો નજરે પડ્યો હતો. ઉપરાંત સિલ્વર મેક્ઝિમા સોસાયટીના અલગ-અલગ ફ્લેટ ધારકોના કુલ ૩૫ જોડી બૂટ (કિંમત રૂ.૩૦,૦૦૦) ની ચોરી થઈ હતી. આટલું જ નહીં, બાજુમાં જ આવેલી 'સેંટોસા હાઈટ્સ' સોસાયટીની વિવિધ બિલ્ડિંગોમાંથી પણ તસ્કરે કુલ ૩૦ જોડી બૂટ

...અનુસંધાન પાના ૯ પર

# ફોર્ચ્યુનર કાર માટે '5555' નંબરના ચૂકવ્યા રૂ.4.89 લાખ!

**ટોપ-10** ફેન્સી નંબરોની હરાજીમાંથી RTOને 12 લાખથી વધુની આવક, 0001 નંબર 2.16 લાખમાં વેચાયો

સુરત: વાહનના શોખીન લોકો માટે હવે વાહનનો નંબર માત્ર ઓળખ નહીં, પરંતુ એક મોટો સ્ટેટસ સિમ્બોલ બની ગયો છે. સુરત RTOમાં ચાલી રહેલી GJ05 JZ સિરીઝની ફેન્સી નંબરોની ઈ-ઓક્શન હરાજીમાં એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે, જ્યાં એક કાર માલિકે પોતાની લક્ઝુરિયસ ફોર્ચ્યુનર કાર માટે

...અનુસંધાન પાના 9 પર

### સુરત RTO JZ સિરીઝના ટોપ-10 ફેન્સી નંબરોની યાદી

| ક્રમ | વાહન નંબર | વાહનમાલિકનું નામ | બોલીની રકમ |
|---|---|---|---|
| 1 | GJ05 JZ 5555 | હાર્દિક પટેલ | 4,89,000 |
| 2 | GJ05 JZ 0001 | રજનીકુમાર રબારી | 2,16,000 |
| 3 | GJ05 JZ 0011 | વિરાણી કિશનકુમાર | 1,60,000 |
| 4 | GJ05 JZ 0111 | ભીખુભાઈ ભુવા | 1,11,000 |
| 5 | GJ05 JZ 8111 | કેતનભાઈ | 1,11,000 |
| 6 | GJ05 JZ 0002 | પલ્લવી સિંહ | 99,000 |
| 7 | GJ05 JZ 5005 | પ્રશાંત માળી | 41,000 |
| 8 | GJ05 JZ 0005 | મિલનકુમાર પટેલ | 40,000(બેઝ પ્રાઈસ) |
| 9 | GJ05 JZ 0007 | વિશાલ ગાંધી | 40,000(બેઝ પ્રાઈસ) |
| 10 | GJ05 JZ 0009 | લુણસર યુવરાજ ભુપતભાઈ | 40,000(બેઝ પ્રાઈસ) |

# યુપીનાં રાજ્યપાલ આનંદીબેન સવાર હતાં તે વંદે ભારત ટ્રેન પર પથ્થરમારો

**ઉત્રાણ** નજીક થયેલા પથ્થરમારાને કારણે ટ્રેનના C-6 અને C-10 કોચને નુકસાન

**પથ્થરમારો** કરનાર 30 વર્ષીય યુવક પીધેલો નીકળ્યો, પીધેલી હાલતમાં ઝડપાયો



સુરતઃ મુંબઈથી અમદાવાદ જઈ રહેલી વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન પર મંગળવારે સાંજે સુરત સ્ટેશન પાર કર્યા બાદ ઉત્રાણ સ્ટેશન નજીક પથ્થરમારાની ગંભીર ઘટના સામે આવી છે. આ ઘટના સાંજે આશરે 7 વાગ્યે બની હતી. આશ્ચર્યજનક બાબત એ છે કે આ ટ્રેનમાં ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી અને ઉત્તર પ્રદેશના રાજ્યપાલ આનંદીબેન પટેલ પણ મુસાફરી કરી રહ્યા હતા. જો કે, તેઓ એક્ઝિક્યુટિવ કોચમાં હતા અને પથ્થરમારો જનરલ કેટેગરીના કોચ પર થયો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર, વંદેભારત ટ્રેન આજે સાંજે 6-30 કલાકે ઉત્તરાણ નજીકથી પસાર થઈ રહી હતી ત્યારે તેની પર પથ્થરમારો કરાયો હતો. પથ્થરમારાને કારણે વંદે ભારત ટ્રેનના સામાન્ય કોચ C-6 અને C-10 ના કાચ પ્રભાવિત થયા હતા. ઘટનાની

...અનુસંધાન પાના ૯ પર

# પાલમાં બનશે સુરતની સૌથી ઉંચી 40 માળની 'વાસુપૂજ્ય રિઓ-ક્રેસ્ટ' બિલ્ડિંગ

**143 મી.ની** ઉંચાઈ ધરાવતા આ સંપૂર્ણપણે કોમર્શિયલ પ્રોજેક્ટમાં 300થી વધુ ઓફિસ હશે

**દરેક** ઓફિસમાંથી તાપી નદી પરના ચારેય બ્રિજને એકસાથે જોઈ શકાશે

**21માં** માળે ગુજરાતનું પ્રથમ 35 ફુટનું કેન્ટીલીવર હશે

**3 બેઝમેન્ટ** અને પાછળની તરફ પાંચ લેવલનું મલ્ટિલેવલ પાર્કિંગ હશે

**8 લાખ સ્કે.** ફુટમાં થશે બાંધકામ, પ્રથમ વખત કોર્પોરેટ ક્લબ પણ હશે

### રિઓ-ક્રેસ્ટ રાજ્યની 50મી સૌથી ઉંચી ઈમારત હશે: ડે.કમિ. ધર્મેશ મિસ્ત્રી

સુરત મનપાના ડે.કમિ. ધર્મેશ મિસ્ત્રીએ જણાવ્યું હતું કે, પાલમાં આરટીઓની સામેની પ્રસ્તાવિત 142.99 મીટર ઊંચી ઇમારત ગુજરાતની 50મી સૌથી ઊંચી ઇમારત અને સુરતની સૌથી ઊંચી ઇમારત હશે. જેના ઈન્ફ્રાસ્ટ્રક્ચર ચાર્જ પેટે 30.58 કરોડની આવક થશે.

### રિઓ ક્રેસ્ટ હજીરા રોડની રોનક બદલશે: વાસુપૂજ્ય ગ્રુપના દિપેશ શાહ

કાસા-રિવેરા, રિઓ એમ્પાયર બાદ રિઓ-ક્રેસ્ટ વાસુપૂજ્ય ગ્રુપનું ત્રીજું આઈકોનિક બિલ્ડિંગ હશે, જે હજીરા રોડ પર બનશે. સુરતની નવી ઓળખ ઊભી કરશે. રિવરફ્રન્ટ સાથે અમારી બિલ્ડિંગો હજીરા રોડને દુબઈના મરિના બીચ જેવો બનાવશે.



સુરત: જ્યાં હાલમાં પાળાની કામગીરી ચાલી રહી છે અને આગામી દિવસોમાં રિવરફ્રન્ટ પણ બનશે તેવા પાલ-હજીરા રોડ પર સુરતની સૌથી ઉંચી કોમર્શિયલ બિલ્ડિંગ બનશે. સુરતના વાસુપૂજ્ય ગ્રુપ દ્વારા 143 મીટરની 40 માળ ઉંચી આ ઈમારતને રાજ્ય સરકાર દ્વારા મંજૂરી આપી દેવામાં આવી છે.

આ એવો પ્રોજેક્ટ છે કે જેમાં તમામ ઓફિસોને રિવર વ્યુ મળશે. પાલના હજીરા રોડ પર જે રીતે ઉંચી બિલ્ડિંગો બની રહી છે તેને કારણે રિવરફ્રન્ટ બન્યા બાદ આ રોડ દુબઈના મરિના બીચ જેવો દેખાશે. ક્વોલિટીવર્ક આપવાને જેઓ પેશન ગણાવે છે તેવા વાસુપૂજ્ય ગ્રુપ દ્વારા આ સૂચિત સૌથી ઉંચી ઈમારતને રિઓ-ક્રેસ્ટ નામ આપવામાં આવ્યું છે. સંપૂર્ણપણે કોમર્શિયલ આ ઈમારતમાં 40 માળ હશે. સાથે 3 બેઝમેન્ટ પાર્કિંગ હશે. આ ઉપરાંત પાછળની તરફ પાંચ માળનું મલ્ટિલેવલ પાર્કિંગ પણ બનાવવામાં આવશે. આશરે 8 લાખ સ્કે. ફુટ જગ્યામાં આ કોમર્શિયલ પ્રોજેક્ટ ઉભો થશે અને તેમાં સુરતમાં પ્રથમ વખત કોર્પોરેટ ક્લબ પણ આપવામાં આવશે. આ પ્રોજેક્ટ એવો છે કે તેમાં ઓફિસ ધરાવનાર સુરતમાં તાપી નદી પરના ચાર બ્રિજને એકસાથે જોઈ શકશે.

# મોંઘવારી!: ખાંડના ભાવ વધારા બાદ ગોળ પણ કડવો થઈ ગયો

**4** દિવસમાં ગોળના ભાવમાં ક્વિન્ટલે રૂ.1200 વધી ગયા!

**લોકોની** હાલત ' જાયે તો જાયે કહાં' જેવી થઈ

સુરતઃ સુરતમાં તહેવારોની મોસમ શરૂ થતાં જ રોજિંદા વપરાશની અતિ મહત્ત્વની વસ્તુ એવી ખાંડના ભાવમાં થયેલા વધારાએ સામાન્ય પરિવારોની ચિંતા વધારી દીધી છે. ખાંડનો સરેરાશ ભાવ વધીને રૂ.55થી રૂ.56 પ્રતિ કિલો થયો છે, જ્યારે છૂટક બજારમાં તે રૂ.65થી રૂ.70 પ્રતિ કિલો સુધી પહોંચી ગયો છે. આ પરિસ્થિતિમાં લોકોએ ઘરના ખર્ચને કાબૂમાં રાખવા માટે ખાંડના વિકલ્પ તરીકે ગોળ અને ખડી સાકર તરફ વળવાનું પસંદ કર્યું હતું, પરંતુ આ વિકલ્પો પણ મોંઘા થઈ જતાં ગૃહિણીઓની હાલત 'જાયે તો જાયે કહાં' જેવી કફોડી બની છે. ખાંડ સાથે ગોળના ભાવમાં પણ 24% સુધીનો મોટો વધારો નોંધાતાં તહેવારોની મજા ફિક્કી પડી જવાની આશંકા સેવાઈ રહી છે, જેના કારણે સામાન્ય અને મધ્યમ વર્ગના લોકો ભારે પરેશાન થઈ રહ્યા છે.



સુરતના હોલસેલ માર્કેટમાં ગોળના ભાવ વધતાં બજારમાં મોટો ઉકાળો જોવા મળી રહ્યો છે. હાલમાં સુરતની

...અનુસંધાન પાના ૯ પર

### ખાંડે 'કટિંગ' બંધ કરાવી દીધી, ચાની ચૂસકી મોંઘી થઈ

તહેવારોની સીઝનમાં ખાંડના ભાવમાં થયેલા અણધાર્યા વધારાની સીધી અસર હવે આમ આદમીના રોજિંદા જીવન અને ચાની કિટલીઓ પર જોવા મળી રહી છે. રોજિંદી રોજીરોટી કમાતા શ્રમિકો અને નોકરિયાતો માટે પણ સવાર-સાંજની ચા મોંઘી સાબિત થઈ રહી છે. વધતા ખર્ચને પહોંચી વળવા માટે ચાની દુકાનદારો અને લારીધારકો પાસે ભાવ વધારવા અથવા માત્રા ઘટાડવા સિવાય કોઈ વિકલ્પ બચ્યો નથી. પરિણામે, અનેક જગ્યાએ ચાના કપનો ભાવ વધારી દેવાયો છે અથવા તો જૂના ભાવે જ ચાની પ્યાલીની સાઈઝ નાની કરી દેવામાં આવી છે. કેટલાક ચા સ્ટોલધારકોએ તો કટિંગ ચા જ આપવાનું બંધ કરી ફૂલ કપ ચા વેચવાનું શરૂ કરી દીધું છે. મોંઘવારીના કારણે લોકોના ખિસ્સા પર ભાર વધતાં હવે ચાની ચૂસકીનો આનંદ પણ મોંઘો બન્યો છે અને ગ્રાહકો ભારે પરેશાની ભોગવી રહ્યા છે.

# અડાજણમાં અભિનેત્રી શ્રદ્ધા કપૂરના જ્વેલરી શો-રૂમમાં ચોરી

**વહેલી** સવારે શટરનું લોક તોડી અંદર પ્રવેશેલો તસ્કર ડિસ્પ્લેના કાચ તોડી કીંમતી દાગીના ચોરી ગયો

**પાલમોનાસમાંથી** જ્વેલરીની ચોરીની ઘટના CCTVમાં ઘટના કેદ

સુરતઃ અડાજણ એલપી સવાણી સ્થિત બોલિવૂડ અભિનેત્રી શ્રદ્ધા કપૂરની જાણીતી જ્વેલરી બ્રાન્ડ 'પાલમોનાસ'ના શોરૂમમાં ચોરીની સનસનાટીભરી ઘટના સામે આવી છે. વહેલી સવારે બનેલી આ ઘટનાને પગલે સમગ્ર વિસ્તાર અને વેપારીઓમાં ભારે ચકચાર મચી ગઈ છે. શ્રદ્ધા કપૂર આ જ્વેલરી બ્રાન્ડમાં સહ-સ્થાપક/પાર્ટનર

...અનુસંધાન પાના ૯ પર

### QR-બારકોડવાળી લાઇવ સિસ્ટમ છતાં ચોરી

પોલીસે પાસે મળતી માહિતી મુજબ પાલમોનાસ જ્વેલર્સમાં તમામ પ્રોડક્ટ્સ પર QR કોડ અને બારકોડ સાથેની લાઈવ સિસ્ટમ કાર્યરત છે. કંપનીના સોફ્ટવેર અને સ્ટોક ડેટાના આધારે હાલમાં કેટલા રૂપિયા અને કેટલી માત્રામાં જ્વેલરીની ચોરી થઈ છે તેની સચોટ

...અનુસંધાન પાના ૯ પર

### રૂ.૧૫થી ૨૦ લાખના ઘરેણાંની ચોરીનો અંદાજ

ચોરીની ઘટનાને કલાકો વીતી ગયા હોવા છતાં જ્વેલર્સ કંપની દ્વારા ચોરાયેલા મુદ્દામાલનો ચોક્કસ આંકડો હજુ જાહેર કરવામાં આવ્યો નથી. જોકે, કંપનીના જણાવ્યા મુજબ તેમની કંપની ૯ ગ્રામમાં દાગીના બનાવતી હતી. જેથી આશરે રૂપિયા ૧૫થી ૨૦ લાખથી

...અનુસંધાન પાના ૯ પર